**ક્રિમીનલ અપીલ નંબરઃ– ૫૬/૨૦૨૩.**

## // આંક – ૪ ની અરજી લગત હુકમ //

(૦૧) સદર કામે વિવાદી/આરોપીની અરજી વંચાણે લીધી તથા વિ. વકીલશ્રીને સાંભળ્યા. વિવાદી/આરોપીએ રૂ.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સદ્ધર જામીન રજુ કર્યેથી તેમજ તેટલીજ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી વિવાદી/આરોપીને જામીન ઉપર મુક્ત કરવા તેમજ વિવાદી/આરોપીએ એન.આઈ. એક્ટના નવા સુધારા મુજબ વળતરની રકમની ૨૦% રકમ ટ્રાયલ કોર્ટમાં સદર હુકમની તારીખથી દિન–૧૦(દસ) માં બિનચુક ડીપોઝીટ કરાવવાની રહેશે. વિવાદી/આરોપીએ નીચેની શરતોનું પાલન કરવું. જેથી નીચેની કોર્ટનો સજાના હુકમ સહીતનો સમગ્ર આખરી હુકમનો અમલ આ અપીલના આખરી નિર્ણય સુધી મોકુફ રાખવાનો હુકમ કરવામાં આવે છે. વિવાદી/આરોપીએ જામીન નીચેની કોર્ટમાં આપવાના રહેશે.

**// શરતો //**

(૧) વિવાદી/આરોપી ૨૦% ડીપોઝીટની રકમ ટ્રાયલ કોર્ટમાં જમા ન કરાવે તો ટ્રાયલ કોર્ટે સદર જામીનનો હુકમ રદ ગણી સજાની અમલવારી માટે વિવાદી/આરોપી વિરૂદ્ધ સજા વોરંટ ઈસ્યુ કરવું.

(૨) વિવાદી/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો તેઓએ પોતાનો પાસપોર્ટ નીચેની અદાલત સમક્ષ રજુ કરવો, વિકલ્પે તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

(૩) વિવાદી/આરોપીએ કોર્ટની પુર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.

(૪) વિવાદી/આરોપીએ અપીલની ટ્રાયલ વખતે નિયમીત કોર્ટમાં હાજર રહેવું.

(૫) વિવાદી/આરોપીએ પોતાનું કાયમી સરનામું તથા જો મોબાઈલ ફોન ધરાવતા હોય તો મોબાઈલ ફોનનો નંબર રજુ કરવો અને તે અદાલતની પુર્વ પરવાનગી વગર બદલવો નહીં. વિવાદી/આરોપીઓએ રજુ કરેલ સરનામું આ અપીલની ટ્રાયલ દરમ્યાન તેમનું કાયમી સરનામું ગણાશે.

– સંબંધીત અદાલતે વળતરની રકમ જમા થયેથી બીજો હુકમ ના થાય ત્યાં સુધી રાષ્ટ્રીયકૃત બેંકમાં ફીક્સ ડીપોઝીટ તરીકે રાખવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૧/૦૭/૨૦૨૩.

પાટણ.

**( કુ. હિતા ઈન્દુભાઈ ભટ્ટ )**
સેશન્શ જજ,
પાટણ.
**( Judge U.I.Code No. GJ** 00464 )

( **BKP** )